**અમદાવાદ ઔદ્યોગિક ન્યાયપંચના પ્રમુખ અધિકારી,**
**શ્રી એચ.એ.ભુતવાલા સમક્ષ.**

**રેફરન્સ (આઈ.ટી.) નં.૧૦૩/૨૦૨૩.**

**<u>આંક-૨૪.</u>**

**પ્રથમ પક્ષકાર :** **વિભાગીય નિયામકશ્રી,**
**વિભાગીય નિયામકશ્રીની કચેરી,**
એસ.ટી. હિંમતનગર વિભાગ, મોતીપુરા,
હિંમતનગર.

**વિરૂધ્ધ**

**બીજા પક્ષકાર :** **પ્રમુખશ્રી,**
ગુજરાત ઔદ્યોગિક એન્ડ જનરલ કામદાર યુનિયન,
ઠે. બી-૨૦૯, સરદાર પટેલ ચેમ્બર પાર્ટ-૨,
વસંત ચોક, લાલ દરવાજા,
ભદ્ર, અમદાવાદ -૩૮૦૦૦૧.

**<u>સબંધિત કામદાર</u>**
શ્રી સીસોદીયા કરણસિંહ કાળુસિંહ
મુ.ધુલેટા, પો. પુનાસણ, તા. હિંમતનગર,
જી.સાબરકાંઠા - ૩૮૩૨૪૦.

પ્રથમ પક્ષકાર તરફે : વિ.વ.શ્રી પી.એફ. ઝવેરી

બીજા પક્ષકાર તરફે : વિ.વ.શ્રી વિનોદ જે.પટેલ.

**વિષય :** ઔદ્યોગિક વિવાદ (ગુજરાત) નિયમો-૧૯૬૬ ના નિયમ-૩૧ મુજબ ભૂલ સુધારવા બાબતની અરજી.

**<u>-:: સુધારા હુકમ ::-</u>**

(૧) બીજા પક્ષકાર/અરજદાર તરફે આ અરજી આપી આંક-૨૧ થી તા.૧૩/૦૩/૨૦૨૬ નારોજ પસાર કરવામાં આવેલ એવોર્ડમાં થયેલ

ટાઈપોગ્રાફીકલ ભૂલ સુધારવા માટે ઔદ્યોગિક વિવાદ (ગુજરાત) નિયમ-૧૯૬૬ ના નિયમ-૩૧ અન્વયે આ અરજી રજુ કરેલ છે.

**(૨)** અરજદાર પક્ષે જણાવેલ છે કે એવોર્ડનાં પાના નં.૨૨ પૅરેગ્રાફ નં.૨૦ માં તા.૦૮/૦૬/૨૦૧૫ થી તા.૩૦/૦૬/૨૦૧૫ સુધીના સમયગાળા માટે સબંધિત કામદારને ઈલેકટ્રીક સુપરવાઈઝર કક્ષાનું પગાર ધોરણ અને ગ્રેડ-પે મેળવવા હક્કદાર છે, તેમ જણાવેલ છે. આ તારીખમાં ૩૦/૦૬/૨૦૧૫ ની જગ્યાએ તા.૩૦/૦૬/૨૦૨૦ સુધારવા અરજ કરેલ છે. કારણકે સબંધિત કામદાર તા.૩૦/૦૬/૨૦૨૦ નારોજ નિવૃત થયેલ છે અને તેઓએ તા.૦૮/૦૬/૨૦૧૫ થી તા.૩૦/૦૬/૨૦૨૦ સુધી ઈલેકટ્રીક સુપરવાઈઝરની કક્ષામાં કામગીરી કરેલ છે. તે જ રીતે એવોર્ડનાં પેરા-૨૩ અને આખરી હુકમના પેરા-૩ માં પણ તા.૩૦/૦૬/૨૦૧૫ ની જગ્યાએ તા.૩૦/૦૬/૨૦૨૦ નો સુધારો કરવા અરજ કરેલ છે. સબંધિત કામદારે તા.૩૦/૦૬/૨૦૨૦ સુધી ઈલેકટ્રીક સુપરવાઈઝર તરીકે નોકરી કરી તે દિવસે નિવૃત થયાનો પૂરાવો નિ.૮/૨ થી રજુ રાખેલ છે. જેથી તારીખ લખવામાં ટાઈપોગ્રાફીકલ ભૂલ થયેલ હોય તે સુધારવા અરજ કરેલ છે.

**(૩)** અરજી સંદર્ભે અરજદાર/બીજા પક્ષકારના વિ. વ. શ્રી વિનોદ જે. પટેલને સાંભળ્યા. સામાવાળા/પ્રથમ પક્ષકાર તરફે વિ.વ.શ્રી પી.એફ. ઝવેરીને સાંભળ્યા. અરજદાર પક્ષે વિ.વ.શ્રીએ અરજી મુજબની રજુઆત કરી, તારીખમાં રહેલ ટાઈપોગ્રાફીકલ ભૂલ સુધારવા અરજ કરેલ છે. સંસ્થા તરફે વિ.વ.શ્રી એ રેકર્ડ પર આવેલ પૂરાવાને આધીન આ અરજી સંદર્ભે યોગ્ય ન્યાય-નિર્ણય કરવા અરજ કરેલ છે.

**(૪)** પક્ષકારોના વિ.વ.શ્રી ની દલીલો તથા કેસ રેકર્ડ ધ્યાને લીધું. આ અરજીમાં માંગ્યા મુજબનો સુધારો કરવાની ઔદ્યોગિક ન્યાયપંચને સત્તા છે કે કેમ? તે માટે ઔદ્યોગિક વિવાદ (ગુજરાત) ના નિયમો ૧૯૬૬ ના નિયમ-૩૧ ધ્યાને લેવો જરૂરી છે.

**<u>નિયમ–૩૧ :– ભૂલો સુધારવા બાબત :–</u>**

> કોઈ બોર્ડ, કોર્ટ, મજૂર કોર્ટ, ટ્રીબ્યુનલ, અથવા લવાદ, કોઈપણ સમયે પોતાની મેળે, અથવા પક્ષકારો પૈકી કોઈ પક્ષકારની અરજી ઉપરથી કોઈ કાર્યવાહી, રિપોર્ટ, ચૂકાદા, અથવા નિર્ણયમાંની આકસ્મિક ભૂલ કે ચૂકમાંથી ઉપસ્થિત થતી કોઈ કારકૂની ભૂલ કે ગલતી સુધારી શકશે.

ઉપરોકત જોગવાઈ ધ્યાને લેતાં ચૂકાદા અથવા નિર્ણયમાં આકસ્મિક કે શરતચૂકની ભૂલ હોય તો તે સુધારવાની ઔદ્યોગિક ન્યાયપંચને સત્તા રહેલી છે. રેફરન્સ(આઈ.ટી.) નં.૧૦૩/૨૦૨૩ ના કામે આંક–૨૧ થી પસાર કરેલ એવોર્ડ વંચાણે લેતાં તથા રેફરન્સ કેસમાં રજુ થયેલ પૂરાવો વંચાણે લેતાં સબંધિત કામદાર કરણસિંહ કાળુસિંહ સિસોદીયાએ તા.૦૮/૦૬/૨૦૧૫ થી તા.૩૦/૦૬/૨૦૨૦ સુધી ઈલેકટ્રીક સુપરવાઈઝર તરીકે કામગીરી કરેલાની હકીકત નિર્વિવાદ છે. આ અંગેનું તારણ એવોર્ડના પેરા–૧૪ માં આપવામાં આવેલ છે. આ હકીકતમાં સબંધિત કામદાર તા.૦૮/૦૬/૨૦૧૫ થી તા.૩૦/૦૬/૨૦૨૦ સુધી એટલેકે સબંધિત કામદાર વય નિવૃત થયા ત્યાં સુધી ઈલેકટ્રીક સુપરવાઈઝરની કક્ષામાં કામગીરી કરેલ હોય તે મુજબનો પગાર મેળવવા હક્કદાર રહે છે. પરંતુ એવોર્ડનાં પેરા–૨૦, ૨૩ અને આખરી હુકમના પેરા–૩ માં આ તા.૦૮/૦૬/૨૦૧૫ થી તા.૩૦/૦૬/૨૦૧૫ સુધી શરતચૂકથી લખાયેલ છે. હકીકતમાં સબંધિત કામદાર ઈલેકટ્રીક સુપરવાઈઝરની કક્ષાનું પગાર ધોરણ **તા.૦૮/૦૬/૨૦૧૫ થી તા.૩૦/૦૬/૨૦૨૦** સુધી મેળવવા હક્કદાર બને છે. જેથી તે મુજબનો સુધારો વંચાણે લેવો જરૂરી છે.

**(૫)** આ સંજોગોમાં રેફરન્સ (આઈ.ટી.) નં.૧૦૩/૨૦૨૩ ના કામે આંક–૨૧ ના એવોર્ડનાં પેરા–૨૦, ૨૩ તથા આખરી હુકમમાં સુધારો કરવાનું જરૂરી હોય અરજદારની હાલની અરજી મંજૂર કરવી ન્યાયોચિત જણાય છે. જેથી ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-:: આ ખ રી હુ ક મ ::-</u>**

**૧.** બીજા પક્ષકાર/અરજદારની આ સુધારા અરજી **"મંજૂર"** કરવામાં આવે છે.

**૨.** રેફરન્સ (આઈ.ટી.) નં.૧૦૩/૨૦૨૩ ના કામે તા.૧૩/૦૩/૨૦૨૬ નારોજ આંક-૨૧ થી પસાર કરવામાં આવેલ એવોર્ડના પેરા-૨૦ તથા ૨૩ માં તેમજ આખરી હુકમનાં પેરા-૩ માં જ્યાં "તા.૦૮/૦૬/૨૦૧૫ થી તા.૩૦/૦૬/૨૦૧૫" લખેલ છે ત્યાં હવે પછી "**તા.૦૮/૦૬/૨૦૧૫ થી તા.૩૦/૦૬/૨૦૨૦**" એમ વાંચવુ તેવો હુકમ કરવામાં આવે છે. આ સુધારા હુકમથી મૂળ એવોર્ડમાં અન્ય કોઈ બાબતો કે હકીકતોમાં કે અન્ય તારીખમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવામાં આવતો નથી અને તે યથાવત રાખવામાં આવે છે.

**3.** આ સુધારા હુકમને મૂળ એવોર્ડનાં એક ભાગ તરીકે સાથે વંચાણે લેવાનો રહેશે અને તે મુજબ અમલવારી કરવાની રહેશે.

Digitally signed by
HEMANSU AMRUTLAL BHUTWALA
Reason: Ammendmrnt in Award
on 25/03/2026 14:01:06 IST.

સ્થળ : અમદાવાદ.
તારીખ : ૨૫/૦૩/૨૦૨૬.

(હિમાંસુ અમૃતલાલ ભુતવાલા)
પ્રમુખ અધિકારી,
ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદ.

S.D.Makvana P.A.

**CODE-GJ00883**